# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA

ગુજરાત વિધાનસભામાં આજે પ્રશ્નોત્તરી કાળમાં આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન વિભાગના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ ધારાસભ્યોને તેમની સંમતિ વગર વિધાનસભાની કાર્યવાહીનું રેકોર્ડિંગ પ્રદર્શિત ન કરવાની સ્પષ્ટ સૂચના આપી હતી. સૂચનાનું પાલન ન કરનારા સભ્ય સામે કડક કાર્યવાહી કરાશે, તેમ જ આ સૂચનાનો તાત્કાલિક અમલ કરવા તેમણે ટકોર કરી હતી.

બીજી તરફ શ્રી ચૌધરીએ આવતીકાલે વિધાનસભા સત્ર પૂર્ણ થયા પછી હોળીની ઉજવણી કરાશે તેવી જાહેરાત પણ કરી હતી.

. . . . . . . . . . . .

# HARSH SANGHVI – RTI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં માહિતીના અધિકાર-RTI અંગે જણાવ્યું કે RTIનો કાયદો પારદર્શક વહીવટ માટે બનાવાયો છે પરંતુ તેનો દુરુપયોગ થઈ રહ્યો છે. RTI એક્ટિવિસ્ટ કાયદાનો દૂરઉપયોગ કરતા હોય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા શ્રી સંઘવીએ અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો-ACB સરકારી કચેરીઓમાં આવતાં RTI

એક્ટિવિસ્ટની યાદી બનાવી રહ્યું છે. આવનાર સમયમાં રાજ્ય પોલીસ આવા લોકોને શોધી કડક પગલાં લેશે. શ્રી સંઘવીએ ઉમેર્યું કે સુરત શહેરમાં RTI ની આડમાં નાણાં માગવા મામલે 24 ગુના દાખલ કરાયા છે. પ્રચાર માધ્યમોમાં માહિતી પ્રસિદ્ધ કરવાના કિસ્સામાં પણ 14 ગુના નોંધી 19 આરોપી વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે અખબારના નામે પૈસા માગતી RTI એકટીવિસ્ટની ટુકડી સામે 6 ગુના દાખલ કરાયા છે.

. . . . . . . . . . . .

# TAPI GAYAKWAD ANNIVERSARY

ગાયકવાડી નગરી તાપીના વ્યારામાં આજે મહારાજા સયાજીરાવ ગાયકવાડની 162મી જન્મજયંતિ ઉજવવામાં આવી. દરમિયાન વિવિધ અગ્રણીઓએ મહારાજા સયાજીરાવ ગાયકવાડની પ્રતિમાને માળા અર્પણ કરી હતી. મહારાજા દ્વારા વ્યારામાં કરવામાં આવેલા કામને આજે પણ યાદ કરવામાં આવે છે.

આ અંગે નગરના અગ્રણી હેમંત તરસાડિયાએ માહિતી આપી હતી.

**(બાઈટઃ હેમંત તરસાડિયા, નગર અગ્રણી)**

. . . . . . . . . . . .

# PANCHMAHAL HOLI

પંચમહાલ જિલ્લાના શકિતપીઠ પાવાગઢ ખાતે પરંપરા મુજબ શ્રી મહાકાળી માતાજીના મંદિર ખાતે 13 માર્ચે સાંજે હોળી પ્રગટાવાશે. પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે મંદિર ખાતે હોળી પ્રગટાવ્યા બાદ 50 કિ.મી.ની ત્રિજ્યામાં હાલોલ, ઘોઘંબા, કાલોલ, જાંબુઘોડા, બોડેલી જેવા ગામમાં હોળી પ્રગટાવવામાં આવશે.

. . . . . . . . . . . .

# AMBAJI HOLI

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં 13 માર્ચે સાંજે સાત વાગ્યે હોળી પ્રગટાવાશે. જ્યારે મંદિરમાં સાંજે સાડા છ વાગ્યે થતી આરતી પણ હોળી પ્રગટાવ્યા બાદ જ કરાશે. આ ઉપરાંત મંદિરમાં પૂનમની આરતી 14 માર્ચે સવારે 6 વાગ્યે થશે. આ વખતે 13 અને 14 માર્ચ એમ બે દિવસ પૂનમ હોવાથી ભક્તોને બે પૂનમની આરતીનો લ્હાવો મળશે. અંબાજી મંદિરે પૂનમ ભરવા આવનારા ભક્તો માટે પૂનમ 14 માર્ચે ગણાશે તેમ મંદિરના ભટ્ટજી ભરત પાધ્યાએ જણાવ્યું હતું.

. . . . . . . . . . . .

# KUTCH EARTHQUAKE

કચ્છ જિલ્લામાં આજે 11 કલાકમાં ધરતીકંપના બે આંચકાઓ અનુભવાયા હતા. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે, રાત્રે એક વાગ્યાને 11 મિનિટે રિક્ટર સ્કેલ પર 2.8ની તીવ્રતાના ધરતીકંપના આંચકાઓ અનુભવાયા

હતા. આ ધરતીકંપનું કેન્દ્ર બિન્દુ ભચાઉથી 14 કિલોમીટર દૂર હોવાનું જણાયું હતું. બીજી તરફ આજે સવારે 11 વાગ્યાને 12 મિનિટે રિક્ટર સ્કેલ પર ત્રણની તીવ્રતાના ધરતીકંપના આંચકાઓ અનુભવાયા હતા, જેનું કેન્દ્ર બિન્દુ રાપરથી 16 કિલોમીટર દૂર નોંધાયું હતું.

. . . . . . . . . . . .

## GANDHINAGAR AAG

ગાંધીનગરના કલોલ શહેરમાં ટ્યુશન ક્લાસીસ અને મસાલાની દુકાનમાં આગની ઘટના સામે આવી હતી. વહેલી સવારે આગ લાગતાં ક્લાસીસમાં કોઈ વિદ્યાર્થી હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. અગ્નિ શામક દળની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. બીજી તરફ કલોલ રાજમાર્ગ પર આવેલ ગરમ મસાલાની દુકાનમાં આગની ઘટના બની હતી. આગને કારણે માલ સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

. . . . . . . . . . .

## LOK ADALAT

મહેસાણા જિલ્લા કાનૂની સેવા સતા મંડળ દ્વારા લોક અદાલતનું આયોજન કરાયું. જેમાં મોટર અકસ્માતના 48 કેસનો નિકાલ કરી 2 કરોડ 77 લાખ રૂપિયાના વળતરના હુકમ કરાયા હતા. આ ઉપરાંત ચેક પરતના એક હજાર 260

કેસનો નિકાલ કરાયો. આ લોક અદાલતમાં કુલ 7 હજાર 281 કેસોનો નિકાલ કરી 7 કરોડ 83 લાખ રૂપિયાના વળતરના હુકમ કરાયા.

બીજી તરફ તાપી જિલ્લાના વ્યારા, વાલોડ, ડોલવણ, સોનગઢ સહિતના તાલુકામાં લોક અદાલત યોજાઇ. પ્રિ-લીટીગેશન લોક અદાલતમાં એક હજાર 421, લોક અદાલતમાં 270 તથા સ્પેશીયલ સીટીંગમાં એક હજાર 843 સહિત કુલ 3 હજાર 534 કેસોનો નિકાલ કરાયો.

. . . . . . . . . . . .